ગઠિયાગીરીનો અદ્‌ભૂત કિસ્સો

બાયડના અલ્વા ટોલપ્લાઝાના કર્મચારીઓને ગઠિયાએ કારમાંથી ઓઈલ ટપકતું હોવાનું જણાવી કારમાંથી ૨.૫ લાખ રૂપિયા ભરેલ થેલો લઈ રફુચક્કર

બાયડ, તા. ૨૪

બાયડ-ધનસુરા રોડ પર આવેલા અલ્વા ગામ નજીક આવેલા ટોલપ્લાઝા પર ફરજ બજાવતો કર્મચારી ટોલપ્લાઝાની કાર લઈ ડ્રાઈવર સાથે ૨.૫૦ લાખ રૂપિયાના છુટ્ટા રૂપિયા લેવા બાયડ બેન્ક ઓફ બરોડામાં ગયા હતા. છુટ્ટા લેતા સમયે એક શખ્સ બંને કર્મચારીઓની રેકી કરતો હોય તેમ આંટાફેરા મારતો હતો. બંને કર્મચારીઓ છુટ્ટા રૂપિયા થેલામાં મૂકી કારના પાછળના ભાગમાં થેલો રાખી અલ્વા ટોલપ્લાઝા પરત જવા રવાના થતા પેટ્રોલપંપ નજીક એક શખ્સે કારમાંથી ઓઈલ ટપકતું હોવાનું જણાવતા ડ્રાઈવર અને કર્મચારી નીચે ઉતારતા ગઠિયો તકનો લાભ લઈ ૨.૫૦ લાખ ભરેલ રૂપિયાનો થેલો લઈ રફુચક્કર થતા બંને કર્મચારીઓ હાંફાળા ફાંફાળા બની ગયા હતા. લૂંટનો ભોગ બનેલ કર્મચારીએ બાયડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા બાયડ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડના વાત્રક નજીક આવેલ અલ્વા ટોલપ્લાઝા પર ફરજ બજાવતો કર્મચારી મહેશ લક્ષ્મણભાઈ સોલંકીને ટોલપ્લાઝા પર વાહનચાલકોને છુટ્ટા રૂપિયા આપવા પડતા હોવાથી છુટ્ટા રૂપિયાની જરૂરિયાત પડતા ટોલપ્લાઝાના એકાઉન્ટન્ટ પાસેથી ૨.૫૦ લાખ રૂપિયા લઈ કંપનીની નિશાન માઈક્રા કારમાં કંપનીના ડ્રાઈવર ગોવર્ધનભાઈ જીભાજી ખાંટ (રહે. આંબાગામ) સાથે બાયડ બેંક ઓફ બરોડામાં પહોંચી બેંકના કર્મચારી પાસેથી ૨.૫૦ લાખના ૨૦,૫૦,૧૦૦,૫૦૦ની નોટના બંડલ લઈ કપડાંની થેલામાં મૂકી કારના પાછળના ભાગે રૂપિયા ભરેલ થેલો રાખી પરત અલ્વા ફરતા બાયડના બિહારી પેટ્રોલપંપ નજીકથી પસાર થતા હતા ત્યારે પેટ્રોલપંપ નજીક એક શખ્સે કારમાંથી ઓઈલ ટપકતું હોવાનું જણાવતા ડ્રાઈવર અને કર્મચારી નીચે ઉતારતા ગઠિયો તકનો લાભ લઈ ૨.૫૦ લાખ ભરેલ રૂપિયાનો થેલો લઈ રફુચક્કર થઈ ગયો હતો. ગઠિયાની આબાદ ચાલમાં સપડાયેલા બંને કર્મચારીઓ કાર પર ઓઈલ ઢોળાયેલું જણાતા ચોઈલા રોડ પર આવેલા ગેરેજમાં પહોંચ્યા હતા. ગેરેજ માલિકે કાર બરાબર હોવાનું જણાવતા ત્યાંથી મીઠાઈ લેવા પહોંચતા ડ્રાઈવરને પાછળ સીટમાં ૨.૫૦ લાખ ભરેલ થેલો જોવા ન મળતા કર્મચારીનું ધ્યાન દોરાતા બંને કર્મચારીઓના હોશ ઉડી ગયા હતા અને આબાદ છેતરાયા હોવાની લાગણી અનુભવી હતી.

લૂંટનો ભોગ બનેલ અલ્વા ટોલપ્લાઝાના બંને કર્મચારીઓ બાયડ પોલીસ સ્ટેશનમાં પહોંચી કેફિયત જણાવી હતી બાયડ પોલીસે મહેશભાઈ લક્ષ્મણભાઈ સોલંકી (હાલ રહે. અલ્વા ટોલપ્લાઝા, મૂળ રહે. કોયલાણા જૂનાગઢ)ની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ખેડબ્રહ્મામા રસ્તા વચ્ચેનું ડિવાઈડર દૂર કરવા પ્રાંત અધિકારીને રજુઆત

ખેડબ્રહ્મા શહેરના ચાંપલપુર વિસ્તારમાં નગરપાલિકા ઘ્વારા તાજેતરમાં આર.સી.સી.રોડ બનાવી વચ્ચે ડિવાઈડર બનાવતા રસ્તો સાંકડો થઈ જતા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ ડિવાઈડર દૂર કરવા રહીશો ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને લેખિતમાં રજુઆત કરવમાં આવ્યો છ.

ખેડબ્રહ્મા નગરપાલિકા ઘ્વારા તાજેતરમાં ચાંપલપુર વિસ્તારમાં અંદાજે ૧૬ લાખના ખર્ચે આર.સી.સી આ રોડ માત્ર ૩૦ ફુત જેટલો જ પહોળો છે તેમ છતાં પાલિકા ઘ્વારા રોડ વચ્ચે ડિવાઈડર બનાવી રોડ સેંકડો કરી દેવમાં આવ્યો છે. જેને લાઇ

ચાંપલપુર વિસ્તારના રહીશ વિનયકુમાર મહેતા , હેમંતકુમાર દીક્ષિત, કીર્તિકુમાર રાવલ, રાવલ ગોપાલભાઈ, સહિતના રાહીશોના જણાવ્યા મુજબ ૫ જુલાઈ ના રોજ રોડ વચ્ચેના ડિવાઈડર અંગે ચીફ ઓફિસરને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. ચાંપલપુર વિસ્તારના સ્વામિનારાયણ મંદિર પાછળના માંડવી ચોક થી ગણપતિ ચોક સુધી આર.સી.સી. રોડ બનાવી તેમાં વચ્ચે ડિવાઈડર મુકવામાં આવ્યા છે. આ રસ્તાનું કામકાજ એન્જીનિયરની દેખરેખ હેઠળ કરવામાં આવ્યા નથી અથવા એન્જીનીયર ઘ્વારા આંખ આડા કાન કરવમાં આવ્યા હોવાનો અરજીમાં આક્ષેપ કરવમાં આવ્યો છે. ડિવાઈડર ના કારણે રસ્તો સેંકડો થતા મોટા વાહનોને પસાર થવામાં અને વળાંક લેવામ તકલીફ પડી શકે છે રોડ ઉપર બાજુમાં જ જી.ઈ.બીના લાઈટના થાંભલા હોવાથી અકસ્માત થવાની શકયતા છે.

વિનય મહેતાએ વધુમાં જણાવ્યું હતું કે રસ્તો ૬૦ ફૂટ કે તેથી વધુ હોય તો જ ડિવાઈડર બનાવી શકાય આ રસ્તો સાંકડો છે અને ડિવાઈડર ના કારણે વધુ સેંકડો બની ગસ્યો છે આ અગે પાલિકામાં લેખિત રજુઆત કરવા છતાં કાર્યવાહી ન કરવમાં આવતા રહીશો ઘ્વારા ૨૩ જુલાઈના રોજ પ્રાંત અધિકારીને રજુઆત ડિવાઈડર સત્વરે દૂર કરવા અને નગરપાલિકાની બેદરકારી સામે પગલા ભરવા રજુઆત કરવામાં આવી છે.

આ અંગે નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર આનંદભાઈ પટેલના જણાવ્યા અનુસાર રસ્તો તેની ડિઝાઈન મુજબ બનાવવામાં આવ્યો છે. હાલમાં રસ્તો સાંકડો છે પણ થોડા સમયમાં રસ્તાની આજુબાજુના દબાણ દૂર કરી રસ્તો પહોળો કરવાનો છે અને તેના ભાગરૂપે જ ડિવાઈડર બાવવામાં આવ્યુ છે.

ડીસાની મુખ્ય ગટર લાઈન ગંદકીમાં ગરકાવ

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના લાલચાલી વિસ્તારોમાંથી પસાર થતી મુખ્ય ગટર લાઈન સફાઈના અભાવે ગંદકીમાં ગરકાવ થઈ ગઈ છે જેથી ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાય છે.

શહેરના લાલચાલી વિસ્તારમાં આવેલ મુખ્ય ગટર લાઈન જે હિન્દુ ધર્મશાળામાંથી નીકળી લાલચાલી, જાગૃતિ સંકુલની બાજુમાંથી નીકળે છે જે ખુલ્લી હોવાથી અંદર કચરાની આડમાં મરેલા કૂતરા બિલાડી જેવા પ્રાણીઓ, મેડિકલ વેસ્ટ સહિત દુનિયાભરની ગંદકી ઠલવાય છે જેની આજુબાજુ દુકાનો, રહેણાંક મકાનો અને શાળા પણ આવેલી છે પરંતુ સફાઈના અભાવે માથું ફાટી જાય તેવી દુર્ગન્ધ ફેલાય છે.

જેથી રહીશો, વેપારીઓ અને શાળામાં ભણતા બાળકોની હાલત દયનિય બની જવા પામી છે આ બાબતે વેપારીઓ દ્વારા પાલિકામાં અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં ભરાતા નથી તેથી ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શકયતા છે ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા આ વિસ્તારના નગરસેવક છે તેમછતાં કામ ન થતા રહીશોમાં રોષ છવાયો છે હકીકતમાં ખુલ્લી ગટર ઢાંકી ઉપર રોડ બનાવાય તો શહેરીજનોને વાડી રોડ સ્મશાન તરફ જવાના ટૂંકા વૈકલ્પિક રોડની સુવિધા મળે તેમ છે હાલમાં ધારાસભ્યની આગેવાની હેઠળ સ્મશાન ઘાટના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે ત્યારે આ રોડ બાબતે વિચારાય તેમ રહીશો અને વેપારીઓ ઝંખે છે. હાલમાં થોડા વરસાદમાં પણ ગટર ઉભરાય છે તેથી રહીશો અને વેપારીઓ સાથે રાહદારીઓ પણ તોબા પોકારે છે જેને ગંભીરતાથી લઈ પાલિકા દ્વારા માનવીય અભિગમ દાખવીને પણ ગટરની સત્વરે સફાઈ હાથ ધરાય તેવો જનમત પ્રવર્તે છે.

પાલનપુરમાં બેંકનું એટીએમ તોડી રૂપિયા ૧૯.૬૧ લાખની ચોરી

એસબીઆઇ એ.ટી.એમને રૂપિયા ૨.૫૦ લાખનું નુકસાન

પાલનપુર ખાતે ડેરી રોડ સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એ.ટી.એમ.ને રાત્રે તસ્કરોએ નિશાન બનાવી તેમાંથી રૂપિયા ૧૯.૬૧ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગેની જાણ

થતા બેંક દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિન-પ્રતિદિન કથળી રહી છે. ચોરી, મારા-મારી, લૂંટ, ચીલ ઝડપ સહીતના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ગુનેગારોમાં બેખોફ બન્યા હોય તેમ એક પછી એક ચોરીઓને અંજામ આપી રહ્યા છે.

દરમિયાન, પાલનપુરમાં બનેલી ચોરીની ઘટના અંગે પૂર્વ પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું હતુ કે, પાલનપુર બનાસ ડેરી રોડ નજીક આવેલા એસ.બી.આઈનું એ. ટી. એમ. આવેલુ છે. જ્યાં સોમવારે રાત્રે અજાણ્યા તસ્કરો આ એટીએમ મશીનને તોડી તેમાંથી રૂપિયા ૧૯,૬૧,૦૦૦ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તેમજ એટીએમ તોડતાં રૂપિયા ૨,૫૦,૦૦૦નું નૂકશાન થવા પામ્યું હતુ. જેની જાણ મંગળવારે વહેલી સવારે બેંકના સંચાલકને થતા પોલીસને જાણ કરવામાં અવી હતી. જેથી પૂર્વ પોલીસ મથકનો સ્ટાફ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી દ્વારા પેન્ડિંગ કામો પૂર્ણ કરવા તાલુકા વિકાસ અધિકારીઓને કડક સૂચના

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં સરકારી ગ્રાન્ટ તેમજ સંસદ સભ્યો અને ધારાસભ્યો દ્વારા વિકાસના કામો માટે ફળવેલી ગ્રાન્ટ સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોવા છતાં કેટલીય જગ્યા એ ગ્રાન્ટ નહીં વપરાતા જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભીએ તાત્કાલિક જિલ્લાના તાલુકા વિકાસ અધિકારીઓ, સુપરવાઈજરોને વર્ષ-૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ના ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ ૫ ટકા પ્રોત્સાહન જોગવાઈમાં ધારાસભ્ય ફંડ અને સંસદસભ્ય ફંડ ના ૨૦૧૭-૧૮ની ગ્રાન્ટની રકમ વાપરવાની મુદત ૩૧ જુલાઈ ૨૦૧૯ માં પૂર્ણ થતી હોય તમામ કામ પૂર્ણ કરી આયોજન પ્લાનિંગ સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવા કડક સુચના આપવામાં આવી હતી.

વિકાસના તમામ કામોની ક્વોલિટી જળવાય અને સમયસર કામો પુરા કરવા માટે તાલુકા વિકાસ અધિકારીઓને તાકીદ કરી તેમજ તમામ જોગવાઈઓને પેન્ડિંગના ટીએસ સત્વરે મોકલી આપવા પણ જિલ્લા આયોજન અધિકારીએ સૂચના આપી હતી. વધુમાં સાંસદ સભ્ય ફંડના તમામ કામોના એસ્ટીમેન્ટ મોકલી આપી વહીવટી મંજૂરી આપેલા કામો તાકીદે શરૂ કરી ક્વોલિટી જળવાય અને પ્રજાજનોને સારી સવલતો મળે તે માટે સ્ટેટ પ્રયત્નશીલ રહેવા જણાવ્યું હતું.

રાજ્ય સરકારના જિલ્લાના સર્વાંગી વિકાસના સ્વપ્રને સાકાર કરવા તમામ સેકટરમાં સારો વિકાસ થાય અને કોઈ ગામ વિકાસથી વંચિત નહીં રહે અને વિકાસની યાત્રા ધમધમતી રહે તેવા પ્રયત્નો કરવા જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભીએ તાલુક વિકાસ અધિકારીઓ સુપરવાઈજરો અને કાર્યપાલક ઈજનેરો નાયબ કાર્યપાલક ઈજનેરો તેમજ નગરપાલિકાના અધિકારીઓ સહિત તમામને કડક સુચના આપવામાં આવી હતી.

ડીસા-પાલનપુર હાઇવે પર

નવીન ઓવર બ્રિજની ડિઝાઈનમાં ફેરફાર થતા કલેકટરને રજૂઆત

સરકારે નક્કી કરેલ ડિઝાઇન મુજબ જ ઓવરબ્રિજનું કામ થશે : કલેકટર

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં નેશનલ હાઈવે પર ૨૨૨ કરોડના ખર્ચે નવીન બનતા

ઓવરબ્રિજની ડિઝાઈનમાં ફેરફાર થવાના લીધે સ્થાનિક વેપારીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો. કોઈ એક વ્યક્તિના ફાયદા માટે કરી પાલનપુર હાઈવે તરફ ૧૦૦થી ૧૫૦ મીટર લંબાઈ વધારી ઓવરબ્રિજની ડિઝાઈનમાં ફેરફાર કરવાનો તખ્તો ઘડાઈ ગયો હતો. જોકે ઓવર બ્રિજની ડિઝાઈનમાં પાછળથી થયેલા ફેરફારમાં આ ઓવરબ્રીજ અકસ્માત ઝોન સાબિત થવાની પુરેપુરી શકયતા વર્તાઈ રહી હતી અને ભવિષ્યમાં કોઈ નિર્દોષ લોકોનો ઓવરબ્રિજની ડિઝાઈનના ફેરફારને લઈને અકસ્માતમાં ભોગ ન લેવાય તે માટે સ્થાનિક લોકોએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી. જેને લઈ આજે જિલ્લા મથક પાલનપુર ખાતે ડીસાના પ્રતિષ્ઠિત અગ્રણીઓએ ડીસા નેશનલ હાઈવે પર બનતા ઓવરબ્રિજની ડિઝાઈનની ફેરફારને લઈને જિલ્લા કલેકટર સમક્ષ લેખિતમાં રજુઆત કરી હતી અને આ બાબતે જિલ્લા કલેકટર સંદીપ સાગલે રજુઆત કર્તાઓની હાજરીમાં હાઈવે ઓથોરિટીના અધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને ઓવરબ્રિજની ડિઝાઈનના મામલે જણાવતા કલેકટરે ડિઝાઈન ફેરફાર કરવા મામલે ચર્ચા કરી હતી અને સરકારના નિયમો મુજબ જ ઓવરબ્રિજની ડિઝાઈન મુજબ જ કામ કરવું તેમ કલેકટરે હાઈવે ઓથોરિટી પાસે લેખિતમાં રિપોર્ટ માંગ્યો હતો. જોકે ડીસા ઓવરબ્રિજની ડિઝાઈનમાં પાછળથી ફેરફાર કરવાનો મામલો ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પાસે પણ પહોંચ્યો હતો અને ગુજરાત હાઈવે ઓથોરિટીના હેડને બ્રિજમાં સરકારના નિયમોના વિરુદ્ધમાં જઈને ડિઝાઈન ફેરફાર કરનાર દોષીતો સામે કડક પગલાં લેવા માટે સરકારે આદેશ પણ કર્યો છે. આજે પાલનપુરમાં કલેકટર કચેરીએ રજુઆત કરવા આવેલા ડીસાના પ્રતિષ્ઠિત આગેવાનોએ મીડિયા સાથેની વાતચીતમાં જાગૃત નાગરિક માનવ પઢીયાર અને અશોક ઠક્કરએ જણાવ્યું હતું કે ઓવરબ્રિજની ડિઝાઈન બદલી ગેરરીતિઓ આચરનાર શખ્સો સામે કડક પગલાં લેવાની માંગ કરી છે તેમજ વધુમાં તેમને જણાવ્યું હતું કે જિલ્લા કલેકટરે સરકારના નીતિ નિયમો અનુસાર જ ઓવરબ્રિજની ડિઝાઈન મુજબ જ કામ થશે તેવી ખાતરી પણ આપી હતી.

પાલનપુર સિવિલ બચાવો અભિયાન અંતર્ગત સહી ઝુંબેશનો પ્રારંભ

જિલ્લાવાસીઓની ૫ લાખ સહીઓ સાથે પાલનપુર સિવિલનું ખાનગીકરણ રદ કરવા સી.એમ.ને કરાશે રજુઆત

પાલનપુર

બનાસકાંઠાની જિલ્લાની પાલનપુર ખાતે આવેલી મુખ્ય સરકારી સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ બાદ વહીવટ કથળવાની સાથે દર્દીઓની હાલાકીઓ વધી રહી છે. ત્યારે સિવિલ બચાવો સમિતિ પાલનપુર દ્વારા સિવિલ બચાવો અભિયાન અંતર્ગત બનાસવાસીઓની ૫ લાખ સહી ઝુંબેશનો પ્રારંભ થયો છે.

પાલનપુર સિવિલ બચાવો સમિતિ અભિયાન અંતર્ગત સિવિલ બચાવો સહી ઝુંબેશની શરૂઆત આજે પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને પાટણ સિવિલ બચાવો સમિતિના અધ્યક્ષ લાલેશભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ સિવિલ બચાવો સમિતિ પાલનપુરના કન્વીનર રમેશભાઈ નાભાની અને સમીબેને પ્રથમ સહી કરી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. જે ઝુંબેશ પ્રસંગે "આપ"ના ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી , જીવદયા ટ્રસ્ટના પ્રમુખ ચિરાગ વૈષ્ણવ, સફાઈ કામદાર પ્રમુખ સરદારભાઈ તથા જગદીશભાઈ સોલંકી તથા રાજુભાઇ, વિષ્ણુભાઈ, કમલેશભાઈ, રાહુલ રાઠોડ, મહેશભાઈ તથા લખમીબેન સોલંકી,કપિલબેન રાઠોડ ,હીરાબેન પરમાર વિગેજરે હાજર રહ્યા હતા.

આ અંગે પાલનપુર સિવિલ બચાવો સમિતિના કન્વીનર રમેશભાઈ નાભાની જણાવ્યું હતું કે, શંકરભાઈ ચૌધરી જ્યારે આરોગ્યમંત્રી હતા. ત્યારે તેઓએ તેમના હોદ્દાનો દુરુપયોગ કરી મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમોને નેવે મૂકી ગલબાભાઈ નાનજી ચે. ટ્રસ્ટ નામના બેબી ટ્રસ્ટને માત્ર ૧ રૂપિયાના ટોકન ભાડામાં સિવિલ હોસ્પિટલને ૩૩ વર્ષના ભાડાપટ્ટે આપી હતી. અને સરકાર સાથે જે શરતોએ એમ.ઓ.યુ. કરેલ તે શરતોનો સિવિલનો કબ્જો સાંભળ્યા બાદ વારંવાર ભંગ કરવામાં આવ્યો છે.

સરકાર હસ્તક સિવિલ હતી તેના કરતાં પણ ખાનગીકરણ બાદ સિવિલની સેવાઓ કથળી છે. સફાઈ કામદારો, કર્મચારીઓનું શોષણ, દર્દીઓને બહારથી દવાઓ મંગાવવી,ઓપરેશન થિયેટરમાં બનીયનો પહેરી કામ કરવુ વિગેરે મુદ્દે છાસવારે સિવિલમાં આંદોલનો, ધરણા, અને બખેડા થાય છે જેથી brich of contrect" (કરારનો ભંગ) થાય છે. જે જાહેર જનતા વિરુદ્ધ હોઈ ખાનગીકરણનો કરાર રદ કરી સિવિલ હોસ્પિટલને સરકાર હસ્તક લેવી જોઈએ તેવી માંગ સાથે તેના સમર્થન માં બનાસવાસીઓની ૫ લાખ સહીઓ લેવામાં આવશે. જે આજ તા ૨૪.૭.૧૯થી ચાલુ કરવામાં આવેલ છે. અને દર શનિવારે સવારે ૧૦.૦૦ થઈ ૧.૦૦ કલાક સુધી પાલનપુર સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ આગળ ઉભા રહી સહીઓ લેવામાં આવશે. જે સહીઓ મુખ્યમંત્રીને મોકલી કરાર રદ કરવા મજબૂત રજુઆત કરવામાં આવશે .

પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં ભાઈની ખોટી ઓળખ આપી સગીરાને ભગાડી જતા ચકચાર

લાખણીના શખ્સ સામે નોંધાઇ પોલીસ ફરિયાદ

પાલનપુર

પાલનપુર ખાતે નારી સંરક્ષણ કેન્દ્રમાં લાખણીના શખ્સે પોતાની ઓળખ સગીરાના ભાઈ તરીકે આપી સગીરાને ભગાડી ગયો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે નારી સંરક્ષણ કેન્દ્રના સંચાલિકાએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર પૂર્વ પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું હતુ કે, પશ્ચિમ બંગાળના ખારો નોર્થ પારાગાનાસ કુમરાકાશછ હાબરા ગામની મહેબુબા (ઉ.વ. ૧૭) (નામ બદલ્યું છે) ને નારી સંરક્ષણ કેન્દ્રમાં રાખવામાં આવી હતી. દરમિયાન લાખણી તાલુકાના કોટડા ગામનો અલ્પેશકુમાર હકમાજી પંચાલ તારીખ ૨૨-૦૭-૨૦૧૯ના રોજ નારી સંરક્ષણ કેન્દ્રમાં આવ્યો હતો. અને પોતે આ સગીરાનો ભાઈ હોવાની ખોટી ઓળખ રજુ કરી હતી. અને લગ્નની લાલચ આપી સગીરાને નારી સંરક્ષણમાંથી ભગાડી ગયો હતો.

આ અંગેની જાણ થતાં નારી સંરક્ષણ કેન્દ્રના વર્ષાબેન નરસુંગભાઈ ચૌધરીએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે જાણ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અલ્પેશ પંચાલ સામે ગૂનો નોંધી બંનેને શોધવા તપાસ હાથ ધરી છે.

મોડાસા એચ.એલ.પટેલ સરસ્વતી વિદ્યાલયમાં અસહ્ય ગરમીમાં શાળાનો સમય વહેલો કરવા વાલીઓની ઉગ્ર માંગ

ચોમાસાની ઋતુનો વિધિવત પ્રારંભ થયા પછી મેઘરાજાએ અરવલ્લી જીલ્લા રીસામણા લીધા હોય તેમ વરસાદ નહિ વરસતા અસહ્ય ગરમી અને બફારાથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે મોડાસા શહેરની એચ. એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ અસહ્ય ગરમી અને બફારાથી રાહત મળે તે માટે શાળાનો સમય સવારની કરવાની માંગ સાથે આચાર્ય આગળ ઉગ્ર રજુઆત કરી હતી

મોડાસાની એચ.એલ.પટેલ સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ શહેરની અન્ય શાળાઓમાં અસહ્ય ગરમી અને બફારાથી વિદ્યાર્થીઓને રાહત મળે તે માટે શાળાનો સમય સવારનો કરવામાં આવ્યો છે ત્યારે સરસ્વતી વિદ્યાલય દ્વારા હાઈસ્કૂલનો સમય સવારનો કરવાની માંગ સાથે હોબાળો મચાવી આચાર્યને ઉગ્ર રજુઆત કરી હતી કેટલાક વાલીઓએ બપોરની સ્કૂલ હોવાથી અસહ્ય ગરમીથી વિદ્યાર્થીઓની તબિયત પણ લથડી હોવાનું જણાવ્યું હતું મોટી સંખ્યામાં વાલીઓએ સવારની શાળા કરવા ઉગ્ર રજુઆત કરવા શાળાએ પહોંચ્યા હતા